પતંગ મહોત્સવ ૧૩ દેશના અને ૮ રાજ્યના પતંગબાજોએ પતંગ ઉડાડ્યા

આજરોજ અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે સવારે ૮.૩૦ કલાકે જીનીયસ હાઈસ્કૂલના મેદાનની બાજુમાં ખલીકપુર, માલપુર રોડ ખાતે યોજાયો હતો. આ પતંગ મહોત્સવમાં ગુજરાત પ્રવાસન નીગમ લીમીટેડ, જિલ્લા વહીવટીતંત્ર અરવલ્લી, તેમજ મોડાસા નગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ યોજાયો હતો. આ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં ૧૩ દેશના ૩૮ અને ૮ રાજ્યના ૨૩, એમ કુલ ૬૧ પતંગબાજોએ ભાગ લીધો હતો. જીનીયસ સ્કૂલ ખાતે યોજાયેલ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવની ઉજવણીમાં કુલ ૬૧ પતંગબાજોએ વિવિધ પ્રકારના રંગબેરંગી પતંગો સાથે સમગ્ર માહોલ રંગબેરંગી બનાવી દીધુ હતુ. આ પતંગ મહોત્સવમાં આજુબાજુના લોકો દેશ વિદેશના લોકોને પતંગબાજોને જોવામાં ખુબ જ મજા માણી હતી. આ પ્રસંગે નિવાસી અધિક કલેક્ટર પી.સી. ઠાકોર, અધિક કલેક્ટર આર.કે. પટેલ, પ્રાંત ઓફિસર મોડાસા, પ્રાંત ઓફીસર બાયડ, જિલ્લા આયોજન અધિકારી, સંસદસભ્ય દીપસિંહ રાઠોડ, જિલ્લા ભાજપ પ્રમુખ રણવિરસિંહ ડાભી, તાલુકા પ્રમુખ વનીતાબેન પટેલ, મોડાસા તાલુકાના સ્કૂલના વિદ્યાર્થીઓ, કોલેજના વિદ્યાર્થીઓ, સ્કૂલના બાળકો, અરવલ્લી જિલ્લાના દિવ્યાંગ બાળકો તેમજ મોડાસા નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

અરવલ્લી જિલ્લા આયુષ તબીબોએ ભારત સરકારે તાજેતરમાં રજુ કરેલા નેશનલ મેડીકલ કમિશન બીલ-૨૦૧૮ (એન.એમ.સી.)માં બ્રિજ કોર્સને સમાવિષ્ટ કરતા જિલ્લામાં આયુષ તબીબોમાં આનંદ છવાયો હતો અને બ્રિજ કોર્સને એનએમસી બીલને સમર્થન અપાતો પત્ર વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભારત સરકારને પાઠવવા મોડાસા જિલ્લા સેવાસદન કચેરીમાં જિલ્લાના મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા આયુષ તબીબો દ્વારા એડી. કેલક્ટરને સુપ્રત કર્યો હતો.

મહાત્મા મંદિરમાં GTUનો ૭મો પદવીદાન સમારોહ સંપન્ન

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ. પી. કોહલીએ યુવા વિદ્યાર્થીઓને પોતાના જ્ઞાન-કૌશલ્યથી રાષ્ટ્રને નવી વૈશ્વિક ઊંચાઈઓ પાર કરાવવાના સંવાહક બનવા આહવાન કર્યું છે. રાજ્યપાલશ્રી અને મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં આજે મહાત્મા મંદિર ખાતે ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટી- GTUનો સાતમો ગૌરવશાળી પદવીદાન સમારોહ સંપન્ન થયો હતો.

ઈજનેરી, મેનેજમેન્ટ તથા વિવિધ વિદ્યાશાખાના સ્નાતક, અનુસ્નાતક અને ડોક્ટરેટ પ્રોગ્રામના ૪,૩૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓને આ અવસરે ડિગ્રી એનાયત કરવામાં આવી હતી. મુખ્યમંત્રી અને રૂપાણીએ યુવા છાત્રોને શિક્ષા પદવી

રાજ્યપાલશ્રીએ ૧૯૮ ડિગ્રી ધારકોને ઉત્કૃષ્ટતા માટેના ગોલ્ડ મેડલ પણ એનાયત કર્યા હતાં.

મુખ્યમંત્રી વિજયભાઈ

વિવેકાનંદજીની જન્મજયંતિ એ જ સાથે દીક્ષા-સંસ્કારનો સમન્વય સાધીને સમાજ તેમજ રાષ્ટ્ર નિર્માણ માટે પ્રદાન કરવા પ્રેરણા આપી હતી. GTUનો પદવીદાન સમારોહ સ્વામી યોજાયો છે, તેને ઉપયુક્ત ગણાવતાં યુવાનોને નયા ભારતના નિર્માણ માટે કમર કસવાના અવસર તરીકે ઉપાડી લેવા આહવાન કર્યું હતું. આ પ્રસંગે અતિથી વિશેષ તરીકે ઉપસ્થિત ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ઓફ ટેક્નિકલ એજ્યુકેશનના વાઈસ ચેરમેન ડો. એમ. પી. પૂનિયાએ GTUના છાત્ર માત્ર GTUના વિદ્યાર્થી જ નહિં, ગાંધીના ગુજરાતના યુવાનો છે તેમ ગૌરવસહ જણાવ્યું હતું. પ્રાધ્યાપકો-અધ્યાપકોને પણ ઓનેસ્ટી-ડેડિકેશન-પેશનથી સેવારત રહી ભારતના ઉત્તમ ભવિષ્યના ઘડવૈયા બનવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમા પણ ઉપસ્થિત રહ્યા હતાં.

GTUના વાઈસ ચાન્સેલર પ્રો. ડો. નવિન શેઠે યુનિવર્સિટીની વાર્ષિક ગતિવિધિઓનું વિવરણ એન્યુઅલ રિપોર્ટ દ્વારા કર્યું હતું. પ્રારંભમાં રજિસ્ટ્રાર ડો. પંચાલે સૌનું સ્વાગત કર્યું હતું.

ખેડૂતોએ નર્મદા આધારીત ઉનાળુ પાકનું વાવેતર ન કરવું

ગાંધીનગર, તા. ૧૨

ચાલુ વર્ષે મધ્યપ્રદેશમાં ઓછો વરસાદ થવાને કારણે નર્મદા સ્ત્રાવ વિસ્તારમાં છેલ્લા ૧૫ વર્ષની સરખામણીએ ચાલુ વર્ષે નર્મદા સ્ત્રાવ ક્ષેત્રમાં આવેલ બંધોમાં દર વર્ષ કરતાં ૪૫ ટકા ઓછો પાણીનો સંગ્રહ થયો હોઈ, ખેડૂતભાઈઓએ ઉનાળુ પાકનું વાવેતર ન કરવા અથવા પોતાની પાસે કોઈ અન્ય સ્ત્રોત હોય તો વાવેતર કરવા નર્મદા નિગમ દ્વારા જણાવાયું છે.

નર્મદા નિગમ દ્વારા વધુમાં જણાવ્યા અનુસાર આ સાલે મર્યાદીત પાણી ઉપલબ્ધ હોઈ, નર્મદા યોજનામાં હાલ સંગ્રહ થયેલ પાણીનો ઉપયોગ રાજ્યના કરોડો નાગરિકોને પીવાનું પાણી પુરૂ પાડવામાં આવતું હોઈ, આ નિર્ણય કરાયો છે. સરદાર સરોવર બંધના પાણીનો ઉપયોગ નર્મદા કમાન્ડ વિસ્તારમાં ચોમાસુ, શિયાળુ પાક માટે પુરૂ પાડવામાં આવે છે. આ વર્ષે નર્મદા સ્ત્રાવ ક્ષેત્રમાં આવેલ બંધોમાં પાણીનો સંગ્રહ ૪૫ ટકા ઓછો હોવાને કારણે નવી દિલ્હી ખાતે નર્મદા કેન્ટ્રોલ ઓથોરીટીની તા. ૧૦-૧-૨૦૧૮ના રોજ મળેલ મીટીંગમાં ગુજરાત અને મધ્યપ્રદેશના બંધોમાં પાણી ઓછુ હોવાથી દરેક રાજ્યને ફળવાતુ પાણીમાં કાપ મુકવામાં આવ્યો છે. જેના કારણે ગુજરાતને સામાન્ય સંજોગોમાં મળવાપાત્ર ૯ મીલીયન એકર ફીટની સામે માત્ર ૪.૭૧ મીલીયન એકર ફીટ પાણી ફાળવવામાં આવ્યું છે. જેને ધ્યાને લઈ, ગુજરાતમાં પણ નર્મદાનું પાણી બચત કરવાની ફરજ પડી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે અત્યારે નર્મદા કમાન્ડ વિસ્તારમાં શિયાળુ પાક માટે જે પાણી આપવામાં આવે છે તે તા. ૧૫-૩-૨૦૧૮ સુધી આપવામાં આવશે. ત્યાર પછી નર્મદા કમાન્ડ વિસ્તારમાં નર્મદાની કેનાલમાં કે અન્ય કોઈ કમાન્ડમાં નર્મદાનુંપાણી સિંચાઈ માટે આપવામાં આવશે નહી. જેથી દરેક ખેડૂત ભાઈઓને વિનંતી છે કે ઉનાળુ પાકનું વાવેતર નર્મદા આધારીત કરવુ નહી. જે ખેડૂત ભાઈઓ પાસે અન્ય વિકલ્પો ઉપલબ્ધ હોય તો તેઓ ઉનાળુ વાવેતર કરી શકશે.

માથાસુલીયા પ્રાથમિક શાળામાં સ્વામી વિવેકાનંદની જન્મજયંતિની ઉજવણી

યુવાનોના આદર્શ, સતત યુવાનો માટે પ્રેરણાસ્ત્રોત શ્રી સ્વામી વિવેકાનંદજીની ૧૫૫મી જન્મજયંતિની ઉજવણી શુક્રવારે હિન્દુ યુવા વાહીની અરવલ્લી દ્વારા મોડાસા ચાર રસ્તા ટાઉનહોલ પાસે આવેલ સ્વામી વિવેકાનંદજીની પ્રતિમાને ફૂલહાર અર્પણ કરી પુષ્પાજંલી દ્વારા જન્મજયંતિની ઉજવણી કરી હતી. જેમાં જિલ્લા અધ્યક્ષ હર્ષ પંડયા, સુરપાલસિંહ રાઠોડ, ઉપાદયક્ષ વીર પંચાલ, રોશન ચૌધરી સહીત મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહી યુવા દિનની ઉજવણી કરી હતી. મોડાસાની માથાસુલીયા પ્રાથમિક શાળામાં ૧૨ જાન્યુઆરી સ્વામી વિવેકાનંદ જન્મજયંતિની ઉજવણીમાં સા.વી.ના શિક્ષક રણજિત વણકર દ્વારા શાળામાં અભ્યાસ કરતા ભુલકાઓને સ્વામી વિવેકાનંદના જીવનચરિત્ર વિષે ઊંડાણપૂર્વક સમજણ આપવામાં આવી હતી. 'આઝાદ ભારતના વીર સપૂતો અમર રહો'ના નારા ગુંજી ઉઠ્યા હતા અને હની સુતરીયા દ્વારા વક્તવ્ય આપવામાં આવ્યું હતું.

મોડાસાના વિદ્યાર્થીઓ યુનિવર્સિટી પરીક્ષામાં ઝળક્યા

ધી મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી વિ.વિ. શાહ એમ.એસસી (સીએ એન્ડ આઈટી) કોલેજના સેમીસ્ટર-૭ના વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી પરીક્ષામાં જવલંત સફળતા મેળવી છે. જેમાં ડાભી નમ્રતાબા જી. યુનિ.માં પ્રથમ, ચૌહાણ રિદ્ધિ કે. યુનિ.માં પાંચમો, પટેલ હિમાની આર યુનિ.માં સાતમો અને ડામોર હેતલ યુનિમાં આઠમુ સ્થાન પ્રાપ્ત કર્યું છે. જે બદલ મંડળના પ્રમુખ નવિનચંદ્ર આર. મોદી તેમજ માનદમંત્રી અરવિંદભાઈ જે. મોદીએ કોલેજના પ્રિન્સિપાલ પરિમલ એમ. શાહ તેમજ સ્ટાફ અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

અમ્બર એન્ટરપ્રાઈઝીસ ઈન્ડિયા લિમિટેડનો આઈપીઓ ૧૭ જાન્યુઆરી, ૨૦૧૮ને બુધવારે ખુલશે

અમ્બર એન્ટરપ્રાઈઝીસ ઈન્ડિયા લિમિટેડ ("કંપની")એ ૧૭ જાન્યુઆરી, ૨૦૧૭ને બુધવારના રોજ રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેર ("ઈક્વિટી શેર")એનો કુલ રૂ. ૬,૦૦૦ મિલિયનનો આઈપીઓ લાવવાની દરખાસ્ત રજૂ કરી છે. આ આઈપીઓમાં ૪,૭૫૦ મિલિયનનાં ઈક્વિટી શેરનો ફ્રેશ ઈશ્યૂ ("ફ્રેશ ઈશ્યૂ") અને રૂ. ૧,૨૫૦ મિલિયનનાં ઈક્વિટી શેરની ઓફર ફોર સેલ સામેલ છે. આ ઓફર ફોર સેલમાં જસબીર સિંગનાં રૂ. ૬૨૫ મિલિયનનાં ઈક્વિટી શેર અને દલજિત સિંઘના રૂ. ૬૨૫ મિલિયનનાં ઈક્વિટી શેર (જસબીર સિંઘ અને દલજિત સિંઘ સંયુક્તપણે "પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર્સ") સામેલ છે (ફ્રેશ ઈશ્યૂ સાથે "ઓફર ફોર સેલ", ''ઓફર'') બિડ/ઓફર ૧૯ જાન્યુઆરી, ૧૮ને શુક્રવારે બંધ થશે. એન્કર ઈન્વેસ્ટર બિડ/ઓફર આ આઈપીઓ ખુલવાની તારીખનાં એક દિવસ અગાઉ એટલે કે ૧૬ જાન્યુઆરી, ૨૦૧૮ને મંગળવારે કરી શકશે. ઓફરની પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૮૫૫ થી રૂ. ૮૫૯ છે. બિડ લઘુત્તમ ૧૭ ઈક્વિટી શેરનાં લોટમાં અને પછી ૧૭ ઈક્વિટી શેરનાં ગુણાંકમાં થઈ શકશે. ૮ જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ રજૂ થયેલ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ મારફતે ઈક્વિટી શેર ઓફર થઈ છે તથા બીએસઈ લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ પર તેનું લિસ્ટિંગ થશે. ઓફરનાં ઉદ્દેશો માટે નિયુક્ત સ્ટોક એક્સચેન્જ બીએસઈ હશે.

સ્કોલરશીપ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વલ્લભભાઈ પટેલ, પ્રમુખ ડો કનુભાઈ પટેલ, યુનિવર્સિટીના રજીસ્ટ્રાર ડો એસ કે મંત્રાલા પરીક્ષા નિયામક પી કે શાહ ડો ભાવિન પંડયા કેયુર શાહ સહીત વીણાબેન પટેલ,દશરથભાઈ પટેલ, વિષ્ણુ પટેલ , ઘનશ્યામ પટેલ સહીતના સંસ્થાના અગ્રણીઓ હાજર રહયા હતા. સંસ્થાના પુર્વ ચેરમેન સ્વ માણેકલાલ પટેલની સ્મૃતિમાં તેમની પુણ્યતિથી નિમિત્તે સંસ્થાના વિદ્યાર્થીઓને માણેકલાલ એમ પટેલ મેમોરિયલ સ્કોલરશીપ એનાયત કરવામાં આવી હતી. જેમાં ૪૭૨ને વિદ્યાર્થીઓને રૂ ૬૧.૪૮ લાખ મેરીટ સ્કોલરશીપ આપવામાં આવી હતી. જયારે ૭૩૨ વિદ્યાર્થીઓને રૂ ૬૯,૭૨ લાખ મિન્સ સ્કોલરશીપ એનાયત કરવામાં આવી હતી. કુલ ૧૨૦૪ વિદ્યાર્થીઓને રૂ ૧ કરોડ ૩૧ લાખ રૂપિયાની સ્કોલરશીપ એનાયત કરવામાં આવી હતી.

સમયસર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રક્રિયામાં ભાગીદાર થવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરીએ. એ જ સત્કાર્યનો સીધો ઉપાય છે. અબોલ પશુ-પક્ષી સાથેનો પ્રેમભર્યો સંબંધ ઋષિકાળથી આપણી સામાજિક પરંપરામાં વણાયેલ છે. અગ્નિને જમાડીને જમનારો સમાજ પૃથ્વીના જીવમાત્ર સાથે લાગણીથી જોડાયો છે. એ સત્યને અવગણી શકાય તેમ નથી. પરંતુ દેખદેખાડામાં સત્યને ઓવરટેક કરવાની સ્પર્ધા સમાજ માટે નફા કરતાં નુકશાન વધુ ઉભુ કરશે એમ દેખાય છે. આ ચિંતા આ સમાજ કે પેલા સમાજની નથી, આ શહેર કે પેલા શહેરની નથી, સમગ્ર માનવજાત માટેની ચિંતા છે. આવો મકરસંક્રાંતિના પાવનપર્વને વ્યક્તિગત જીવનથી લઈને વૈશ્વિક જીવન સુધી સેવા અને સ્નેહની સુગંધ પ્રસરાવીએ.

નબળો પ્રતિસાદ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વાલીઓના આ બંધની વિશેષ અસર જોવા મળી ન હતી. કેટલાક ગણ્યા ગાંઠયા વાલીઓએ પોતાના પાલ્યને શાળાએ મોકલ્યા ન હતા. જયારે કેટલીક શાળાઓના વર્ગોમાં વિદ્યાર્થીઓની નોંધપાત્ર ગેરહાજરી વર્તાઈ હતી. અલબત્ત ગુજરાતમાં શાળા બંધના આ એલાન સંદર્ભે પાટનગરમાં મોળો પ્રતિસાદ જોવા મળ્યો હતો. દિવસ દરમિયાન મોટાભાગની શાળાઓમાં વિદ્યાર્થીઓના ધમધમાટ સાથે શૈક્ષણિક કાર્ય ચાલુ રહયુ હતુ. જયારે વિદ્યાર્થીઓની પણ વિશેષ ગેરહાજરી વર્તાઈ ન હોવાના લીધે બંધની અસર અંશતઃ જોવા મળી હતી.

પવન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નિરયણ મકર રાશીમાં ૧૩ કલાક ૪૭ મિનિટે આવે છે. જ્યારે ૨૦૧૯ની મકર સંક્રાંતિ ૧૯ કલાક ૫૦ મિનિટે આવશે. પછીની ૨૦૨૦ની સંક્રાંતિ આ ગણીત પ્રમાણે ૧૫મી જાન્યુઆરીએ આવે. આ વખતની મકર સંક્રાંતિની સ્થિતિ બેઠેલી છે. આથી મેદનીય કુળની દૃષ્ટિએ નેતાઓને કષ્ટ થાય તેમજ વિગ્રહકારી રહે. નેત્ર, અતિસાર રોગકારી રહે તેવો ઉલ્લેખ છે.

સંક્રાંતિ જ્યારે તિથિમાં હોવાથી લડાઈ બખેડા કરાવે પરંતુ પૃથ્વી પર ધાન્યની વૃદ્ધિ થાય. સંક્રાંતિ બેસતાં ચંદ્રમાં વરૂણ મંડળમાં હોવાથી લોખંડ, ગોળ, સાકર, ખાંડ વગેરે રસકસ મોઘા થાય. રવિવારની સંક્રાંતિ હોવાથી ધાન્ય મોઘા થાય. સંક્રાંતિ દિવસના બીજા ભાગમાં હોવાથી બુધ્ધિજીવી વર્ગ, મોટા અધિકારીઓ ધાર્મિક જનનને લગતી ખબરો ખુબ પ્રસિદ્ધ થતી રહે.

ઉત્તરાયણના દિવસે પવન સારો રહે. આમ છતાં ક્યારેક આંચકાનો પવન રહે.

ખતરો

● અનુસંધાન પહેલાનું ચાલુ

અને જજને જ આપવામાં આવી રહ્યા હતા. ચિંતા અને દુખ છે જેથી આ પત્ર લખવામાં આવ્યો છે. પત્ર મારફતે મામલાને દર્શાવવામાં આવે તેવી વાત આમા કરવામાં આવી છે. પત્રમાં જણાવવામાં આવ્યું છે કે, તાજેતરના સમયમાં જે આદેશ આપવામાં આવ્યા છે તેના કારણે ન્યાયિક પ્રક્રિયા ઉપર પ્રતિકુળ અસર થઈ છે. સાથે સાથે સીજેઆઈની ઓફિસ અને હાઈકોર્ટના તંત્ર ઉપર પણ પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે. યોગ્ય સિદ્ધાંતો પાળવામાં આવે અને સીજેઆઈ ઉપર પણ આ નિયમો લાગૂ થવા જોઈએ. સીજેઆઈ પોતે એવા મામલામાં ઓથોરિટી તરીકે આદેશ આપી શકે નહીં જેને કોઈ અન્ય યોગ્ય બેંચ દ્વારા સાંભળવામાં આવી ચુકયા છે. જજની ગણતરીની દ્રષ્ટિથી પણ આ ગણતરી યોગ્ય છે. સિદ્ધાંતોની અવગણના થવી જોઈએ નહીં. આના કારણે કોર્ટની ગરિમા ઉપર શંકા ઉભી થાય છે. ૨૭મી ઓક્ટોબર ૨૦૧૭ના દિવસે આરપી લુથરા અને કેન્દ્ર વચ્ચે વિવાદની સ્થિતિ સર્જાઈ હતી. એમઓપી માટે નિર્દેશ કરવામાં આવ્યા બાદ સરકારનું મૌન રહ્યું છે. આજે ગંભીર પ્રકારના આક્ષેપો કરવામાં આવ્યા હતા. રાજકીય વર્તુળોમાં આની ચર્ચા જોવા મળી હતી. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ જે ચેલેમેશ્વર, રંજન ગોગોઈ, મદન લાકુર, કુરિયન જોસેફે પત્રકાર પરિષદ યોજીને મિડિયા સાથે વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, સુપ્રીમ કોર્ટનું વહીવટીતંત્ર યોગ્યરીતે કામ કરી રહ્યું હતું. ચીફ જસ્ટિસ સાથે આ સંદર્ભમાં વાત પણ કરવામાં આવી હતી. ચીફ જસ્ટિસ સમક્ષ કેટલીક ગેરરીતિઓ અંગે ફરિયાદો પણ કરવામાં આવી હતી અને કહેવામાં આવ્યું હતું કે, આ ભુલોને સુધારી લેવાની જરૂર છે. આજે સવારે પણ ચીફ જસ્ટિસ દિપક મિશ્રા સાથે વાતચીત કરવામાં આવી હતી. ત્યારબાદ મુખ્ય ન્યાયાધીશ દિપક મિશ્રાએ સુપ્રીમ કોર્ટના ચાર વરિષ્ઠ ન્યાયાધીશોના પત્રકાર પરિષદના કાર્યક્રમના સંદર્ભમાં એટર્ની જનરલ કેકે વેણુગોપાલને બોલાવ્યા હતા. સુપ્રીમ કોર્ટના જજોએ પ્રથમ વખત મિડિયાની સામે આવીને આ મુજબની વાત કરી છે. ન્યાયાધીશોએ મિડિયા સમક્ષ કહ્યું હતું કે, આજે અમે એટલા માટે મિડિયાની સામે આવ્યા છે કે કોઈ એમ ન કહે કે અમે અમારો આત્મા વેચી દીધો છે. તમામે દિપક મિશ્રા દ્વારા મામલાઓની ફાળવણીને લઈને પ્રશ્નો ઉઠાવ્યા હતા. જસ્ટિસ ચેલમેશ્વરે કહ્યું હતું કે, અમે કોઈ કામને યોગ્યરીતે કરવા માટે અપીલ કરી ચુકયા છે. થોડાક મહિના પહેલા ચારેય જજોએ ચીફ જસ્ટિને પત્ર લખ્યો હતો પરંતુ પ્રયાસો સફળ રહ્યા ન હતા. કોઈ વિકલ્પ ન બચતા મિડિયાની સામે આવ્યા છીએ.દેશનું લોકતંત્ર ખતરામાં છે. અમે આગળ કહ્યું છે કે, અમે ઈચ્છીએ છીએ કે, અમારા દ્વારા ઉઠાવવામાં આવેલા મામલામાં કાર્યવાહી કરવામાં આવે.

હચમચી

● અનુસંધાન પહેલાનું ચાલુ

પગલા બાદ વડાપ્રધાન મોદીએ તરત જ કાયદામંત્રી રવિશંકર પ્રસાદ સાથે ફોન પર વાત કરી હતી. આ મામલામાં સરકારને પણ હવે ઘણા સ્પષ્ટીકરણ કરવાની જરૂર પડશે. સનસનાટીપૂર્ણ આક્ષેપ કરવામાં આવ્યા બાદ ન્યાયપાલિકાથી લઈને સરકાર પણ હચમચી ઉઠી છે. જજના આરોપ અને પત્ર બાદ મોદીએ રવિશંકર પ્રસાદ સાથે વાતચીત કરી છે. અલબત્ત આને લઈને કોઈ સત્તાવાર નિવેદન જારી કરાયું નથી. મિડિયા રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, સરકાર માને છે કે, આ કોઈ સરકારનો મામલો નથી. આમા દરમિયાનગીરી કરવાની જરૂર દેખાઈ રહી નથી. સરકાર એમ પણ માને છેકે, આ સુપ્રીમનો આંતરિક મામલો છે. સરકાર તેમાં પક્ષ નથી. સમગ્ર મામલાને લઈને ચીફ જસ્ટિસ દિપક મિશ્રાએ એટર્ની જનરલ કેકે વેણુગોપાલ સાથે વાતચીત કરીને ચર્ચા કરી છે.

કાળો દિવસ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રયાસ ચોક્કસપણે થવા જોઈએ. લોકશાહી માટે આ ખુબ જ નિરાશાજનક બાબત છે. આજની પત્રકાર પરિષદ ખોટો દાખલો બેસાડશે. હવેથી દરેક સામાન્ય વ્યક્તિ ન્યાયતંત્રના આદેશને પણ શંકાની દ્રષ્ટિએ જોશે. દરેક ચુકાદા સામે પ્રશ્નો થઈ શકે છે. અન્ય વરિષ્ઠ એડવોકેટ દ્વારા પણ પોતપોતાની પ્રતિક્રિયાઓ આપવામાં આવી છે. સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ પ્રશાંત ભૂષણે કહ્યું છે કે, સુપ્રીમ કોર્ટના જજ પ્રત્યે તેઓ આભાર માને છે. સીજેઆઈ દિપક મિશ્રાએ ખુલ્લીરીતે માસ્ટર ઓફ રોસ્ટર તરીકે રહીને તેમની સત્તાનો દુરુપયોગ કર્યો છે. કેસોમાં ચોક્કસ પરિણામ હાંસલ કરવાના પ્રયાસો થયા છે. જો તેમનામાં જવાબદારી જેવી છે તો તેમને રાજીનામુ આપવું જોઈએ.

સિદ્ધિ

● અનુસંધાન પહેલાનું ચાલુ

મંજુરી આપવામાં આવ્યા બાદ આ કાઉન્ટડાઉન શરૂ થયું હતુ. આ રોકેટ એક સાથે ૩૧ સેટેલાઈટને લઈને રવાના હતુ હતુ જેમાં મુખ્ય પેલોડ કાર્ટોસેટ-૨ સીરીઝનો સમાવેશ થાય છે. તેના વર્કહોર્સ પોલાર સેટેલાઈટ લોંચ વ્હીકલ પીએસએલવી મારફતે ૨૫૦થી વધુ સેટેલાઈટોને પરિભ્રમણ કક્ષામાં સફળરીતે તરતા મુકી દેવામાં આવ્યા બાદથી ઈસરો જુદા જુદા દેશોના ઉપગ્રહોને હવે તરતા મુકી રહ્યું છે. સ્પેશ સંસ્થા દ્વારા હવે પીએસએલવીની નવી ક્ષમતા ઉમેરી દીધી છે. ઈસરો દ્વારા નાનકડા સેટેલાઈટની દિશામાં આગેકૂચ કરી દીધી છે.